# Govt. Arts College, Suigam

## સરકારીવિનયન કૉલેજ, સુઈગામ

મુ.પો.સુઈગામ રબારીવાસ પ્રાથમિક શાળા તા.-સુઈગામ, જિ.-વાવ-થરાદ પીનકોડ નં.- ૩૮૫૫૭૦.

સ્થાપના વર્ષ૨૦૧૮ ઈ-મેઈલ: gacsuigam2019@gmail.com URL: Web.https://gacsuigam.org.in/

ક્રમાંકસ્વક/રીપો/૨૦૨૬/ તારીખ:૨૧/૦૮/૨૦૨૬

### વિશ્વ સાહસિકતા દિવસની ઉજવણી નિમિત્તે "સમસ્યામાંથી તક સુધી: વિચાર, નવીનતા અને ઉદ્યોગસાહસિકતા" વિષયક વર્કશોપ અંગેનો અહેવાલ

ગવર્નમેન્ટ આર્ટ્સ કોલેજ, સુઈગામ, જિ. વાવ-થરાદ ખાતે તા. ૨૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ઇનોવેશન સેલ અને SSIP 2.0ના સંયુક્ત ઉપક્રમે, કોલેજના આચાર્યશ્રી ડૉ. એમ. બી. શર્માના માર્ગદર્શન હેઠળ 'વિશ્વ સાહસિકતા દિવસ'ની ઉજવણી નિમિત્તે "સમસ્યામાંથી તક સુધી: વિચાર, નવીનતા અને ઉદ્યોગસાહસિકતા" વિષયક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા, નવીન વિચારસરણી અને સમસ્યા ઉકેલવાની ક્ષમતા વિકસાવવાનો તેમજ સ્ટાર્ટ-અપ અને સ્વરોજગાર અંગે જાગૃતિ કેળવવાનો હતો. સાથે જ વિદ્યાર્થીઓને માત્ર નોકરી મેળવવા તરફ નહીં, પરંતુ 'નોકરી શોધનાર'માંથી 'નોકરી આપનાર' બનવા માટે પ્રેરિત કરવાનો ઉદ્દેશ્ય પણ રાખવામાં આવ્યો હતો.

કાર્યક્રમનો પ્રારંભ સવારે ૧૦:૦૦ કલાકે પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન ડૉ. હર્ષદભાઈ જે. ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે ઉપસ્થિત વક્તાઓ, અધ્યાપકગણ અને વિદ્યાર્થીઓનું સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા તથા ઉદ્દેશ્યથી સૌને માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે તેમણે ઉદ્યોગસાહસિકતા, નવીન વિચારસરણી અને વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ વિવિધ તકો અંગે પ્રાસંગિક વાત કરી હતી.

વર્કશોપ દરમિયાન ડૉ. હર્ષદ જે. ચૌહાણ દ્વારા "Entrepreneurship: From Idea to Business & Job Creation" વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને એક સામાન્ય વિચારને વ્યવસાયિક સ્વરૂપ આપવાની પ્રક્રિયા, સ્થાનિક સમસ્યાઓમાંથી વ્યવસાયિક તકો શોધવાની રીત તથા નવીન વિચારો દ્વારા રોજગારીનું સર્જન કેવી રીતે કરી શકાય તે અંગે તબક્કાવાર સમજ આપી હતી.

ત્યારબાદ દમયંતી આર. ચૌધરી દ્વારા "Design Thinking & Innovation" વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે Design Thinkingના મહત્વને સરળ ઉદાહરણો દ્વારા સમજાવતાં જણાવ્યું હતું કે સફળ નવીનતા માટે સૌપ્રથમ સમાજ અને ગ્રાહકોની જરૂરિયાતો તથા સમસ્યાઓને સમજવી જરૂરી છે. સમસ્યાને યોગ્ય રીતે ઓળખીને તેના માટે સરળ, ઉપયોગી અને નવીન ઉકેલ વિકસાવવાની પ્રક્રિયા અંગે તેમણે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

દક્ષાબેન એન. કુંભારે દ્વારા "Proof of Concept (PoC) & Prototype Guidance" વિષય પર વ્યવહારુ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને પોતાના વિચારોને પ્રાયોગિક સ્વરૂપ આપવા માટે Prototype તૈયાર કરવાની તથા તેના દ્વારા પોતાના વિચારની વ્યવહારિકતા ચકાસવાની પ્રક્રિયા સમજાવી હતી. ઉપરાંત, SSIP 2.0 હેઠળ વિદ્યાર્થીઓને મળતી વિવિધ પ્રકારની સહાય, માર્ગદર્શન અને નવીન પ્રોજેક્ટને આગળ વધારવાની તકો અંગે પણ માહિતી આપવામાં આવી હતી.

સરકારી વિનયન કોલેજ, સુઈગામ
સત્યમેવ જયતે

# Govt. Arts College, Suigam

## સરકારીવિનયન કૉલેજ, સુઈગામ

મુ.પો.સુઈગામ રબારીવાસ પ્રાથમિક શાળા તા.-સુઈગામ, જિ.-વાવ-થરાદ પીનકોડ નં.- ૩૮૫૫૭૦.
સ્થાપના વર્ષ૨૦૧૮ ઈ-મેઈલ: gacsuigam2019@gmail.com URL: Web https://gacsuigam.org.in/

વર્કશોપના અંતિમ તબક્કામાં વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી અને ચર્ચા સત્ર યોજવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં કુલ ૩૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પોતાના નવીન વિચારો, પ્રોજેક્ટ, સ્ટાર્ટ-અપ, Prototype, PoC તથા SSIP 2.0 હેઠળ મળતી સહાય અંગે વિવિધ પ્રશ્નો પૂછ્યા હતા. તજજ્ઞ વક્તાઓ દ્વારા વિદ્યાર્થીઓના પ્રશ્નોના સંતોષકારક જવાબો આપી તેમની શંકાઓનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે આભારવિધિ યોજવામાં આવી હતી. જેમાં કાર્યક્રમને સફળ બનાવવા માટે માર્ગદર્શન અને સહયોગ આપનાર કોલેજના આચાર્યશ્રી, તજજ્ઞ વક્તાઓ, અધ્યાપકગણ તથા ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહેલા તમામ વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન, સંચાલન અને વ્યવસ્થાપન સુચારુ રીતે પૂર્ણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર વર્કશોપ દ્વારા વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા, ઈનોવેશન, સમસ્યા ઉકેલવાની ક્ષમતા અને સ્વરોજગાર પ્રત્યે સકારાત્મક અભિગમ વિકસાવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને પોતાની આસપાસની સ્થાનિક સમસ્યાઓને ઓળખીને તેમાંથી નવીન ઉકેલો અને રોજગારીની તકો ઊભી કરવાની પ્રેરણા મળી હતી. આ રીતે "સમસ્યામાંથી તક સુધી: વિચાર, નવીનતા અને ઉદ્યોગસાહસિકતા"વિષયક વર્કશોપ વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક, પ્રેરણાદાયી અને વ્યવહારુ માર્ગદર્શન પૂરું પાડનાર સાબિત થયો હતો. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

સરકારી વિનયન કોલેજ, સુઈગામ જિ.બનાસકાંઠા

આચાર્ય
Principal
સરકારી વિનયન કોલેજ
Govt. Arts College
સુઈગામ જિ.બનાસકાંઠા
Suigam, Dist.Banaskantha

# Government Arts College, Suigam Dist :- Vav-Tharad

Academic Year :-2026-27

Innovation Cell & SSIP 2.0

**Name of Activities :-** World Entrepreneurs' Day Celebration: From Problem To Opportunity: Idea, Innovation & Entrepreneurship.

**Date :-** 21/8/2026

| Sr | Name | Sem | Roll.No | Sign. |
|---|---|---|---|---|
| 1. | Jakhesara priyanka panabhai | 05 | 33. | p.p. Jakhesara. |
| 2. | Jakhesara mital Dineshbhai | 05 | 09 | M.D. Jakhesara. |
| 3 | Rabari indiraben A | 1 | 08 | I.A. Rabari |
| 4. | vajir kajalben Amarathai | 1 | 04 | K.A. vajir |
| 5 | vajir Dhapuben D. | 1 | 28 | D.D.V |
| 6 | Rajput Rinalben I | 1 | 2 | R.I.R |
| 7 | Raval payal ben ishvarbhai | 1 | 56 | P.I Raval |
| 8 | makwana bhumika ben keshrubhai | 1 | 54 | B.K.M |
| 9 | RAJPUT MAESHA BHARA | 3 | 38 | M.B.R |
| 10 | KAPdi AJAY Bhai TEJA Bhai | 1 | 65 | A.T.K |
| 11 | Kapdi zalak bhai Rameshbhai | 3 | 19 | [illegible] |
| 12. | VAJIR suresh bhai. A. | 1 | 30 | S.A.V |
| 13. | chaudhary navin bhai. V | 3 | 17 | C.N.V |
| 14 | RAJPUT YUVRAJBHAI. I | 3 | 39 | Y.J.R. |
| 15 | Rabari khumabhai R. | 1 | 9 | K.R.Rabari |
| 16 | Rabari MAHENDRA. R | 5 | 9 | M.P.Rabari |
| 17. | Arvindsinh Devubhai Jadeja | 1 | 51 | A.D.Jadeja |
| 18 | Jadeja Vishalsinh. L | 1 | ~~51~~ 1 | V.L.Jadeja |
| ~~30~~ | Darji Uday bhai Jaynti bhai | 1 | 69 | U.J. Darji |
| 20 | chauhan vikramsinh. P. | 5 | 30 | V.P.chauhan |
| 21. | chauhan yashpalsinh G. | 5 | 2 | Y.G.chauhan |

For Principal
Govt. Arts College
Suigam, Dist.Banaskantha

Govt. Arts College, Suigam * Dist. Banaskantha *

# Government Arts College, Suigam Dist :- Vav-Tharad

Academic Year :-2026-27

**Name of Activities :-**

**Date :-** 21/8/2026

| Sr | Name | Sem | Roll.No | Sign. |
|---|---|---|---|---|
| 22. | Prajapati Aartiben gajabhai | 1 | 66 | P.A.g |
| 23. | Parmar MAMTA .M | 1 | 13 | P.mamta |
| 24. | prajapati khushiben.V. | 1 | 57 | Khushi |
| 25 | Gadhavi Sagardan .M. | 1 | 18 | [illegible] |
| 26 | Parmar Urmilabe K. | 5 | 39 | Urmi.K |
| 27 | ~~रबारी~~ Rabari Sonal. H | 3 | 24 | S.H.Rabari |
| 28 | Mali Reena. R | 5 | 35 | Reena |
| 29 | Mali Kajal. H | 5 | 62 | K.H.M |
| 30 | Chaudhary Nijal. V | 3 | 14 | chaudhary nijal |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

Govt. Arts College, Suigam * Dist. Banaskantha
सत्यमेव जयते

Principal
Govt. Arts College
Suigam, Dist.Banaskantha